અપીલ અરજી નં.૩૮૪ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને
જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૩–૮–૧૦ની અરજીથી અનફીટ કર્મચારીની કુલ નોકરી સેવાનાં વર્ષ અને તેમના આશ્રિતની નિમણુંક તારીખની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૪/૨૦૧૦–૧૧.

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૩–૮–૧૦ની અરજીથી અનફીટ કર્મચારીની કુલ નોકરી સેવાનાં વર્ષ અને તેમના આશ્રિતની નિમણુંક તારીખની માહિતી આપવા બાબતે કોઈ પ્રકારની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૭ તા.૧૫–૩–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને લગભગ ૪ ૧/૨ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૪૩૯૩ તા. ૧૯–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૮૫ તા.૧૭–૮–૧૦ થી આરોગ્ય અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦૨ તા.૬–૯–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૧૩૭ તા.૧૭–૯–૧૦ ના પત્રની નકલ, સેકશન ઓફિસર પર્સોનલ મધ્યસ્થ મહેકમ પી વિભાગ તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૧૩૨૪ તા.૪–૯–૧૦ ના પત્રની નકલ, ડે.કમિ.(સ્પે) નો પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૩૦ તા.૩૧–૧–૨૦૦૧ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ, ડે.કમિ.(સ્પે) ના જીએડી/ઈએસટી/૧૯૧ તા.૨૩–૪–૨૦૦૧ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ, આસી.કમિ.(પઅનેઈ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૯૩ તા.૧૩–૧–૦૫ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ, ડે.કમિ.(સ્પે.) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૭ તા.૨૮–૫–૦૧ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ , ડે.કમિ.(સ્પે) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૪ તા.૨૫–૪–૦૩ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ, , ડે.કમિ.(સ્પે) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૦૫ તા.૯–૬–૦૩ ના કચેરી હુકમ તથા નિમણુંક પત્રની નકલ તથા નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) તરફથી પત્ર નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૫૭ તા.૨૨–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/જાવક/૬૮૫ તા.૧૭–૮–૧૦ ના અરજી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૬ તા.૩૦–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૩–૧૧ ના રોજ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૩–૮–૧૦ ની અરજીથી મજકુર (૧) શ્રીમતિ મૂળી શ્યામ કર્મ નં.૬૨૦૬ ઈસ્ટઝોન અનફીટ વર્ષ–૨૦૦૦ (૨) શ્રી અંબાલાલ મોતીભાઈ કર્મ નં.૫૯૫૩ વેસ્ટઝોન અનફીટ વર્ષ–૨૦૦૦(૩) પાલજી આત્મારામ બારૈયા કર્મ નં.૯૫૫૭ ઈ.ઝોન અનફીટ વર્ષ–૨૦૦૩ (૪) શ્રીમતિ શાંતિમણી કર્મ નં.૩૬૫૯ સે.ઝોન અનફીટ વર્ષ–૨૦૦૦ (૫) શ્રીમતિ ડાહીબેન ગીગાભાઈ કર્મ નં.૮૭૫૭ અનફીટ વર્ષ૨૦૦૩ (૬) શ્રી હીરામન શીવરામ કર્મ નં.૪૧૨૨ ડ્રેનેજ અનફીટ નં.વર્ષ–૨૦૦૧ (૭) શ્રીમતિ પુષ્પાબેન અમૃતભાઈ ધામેલ કર્મ ન.૫૨૩૯ નોર્થઝોન અનફીટ વર્ષ ૨૦૦૩ આમ સાત અનફીટ કર્મચારીની કુલ નોકરી સેવાનાં વર્ષ અને તેમના આશ્રિતની નિમણુંક તારીખની માહિતી આપવા બાબતે આરોગ્ય અધિકારી અને ડે.કમિ.(પઅનેઈ) ને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૮૫ તા.૧૭–૮–૧૦ થી અરજી આરોગ્ય અધિકારી અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૦૨ તા.૬–૯–૧૦ થી માહિતી પેટે પાના

નંગ–૧૩ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨૬ ભરપાઈ કર્યેથી માહિતી મેળવવાનું સમય અવધિમાં ફરમાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૮૭૮૯૫ થી રૂા.૨૬/– ભરપાઈ કરેલ હોવાનું સદર લેટર પત્રમાં જણાવેલ છે તથા અરજદારને અરજીના અનુક્રમ નં.૭ અંગે આરોગ્ય વિભાગનો સંપર્ક કરવા પણ પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૧૩૭ તા.૧૭–૯–૧૦ થી સૂચિત કરી સાથે નકલોની માહિતી મોકલી આપેલ જણાવેલ છે. આરોગ્ય વિભાગ તરફથી ક્રમાંક નં.૭ અંગે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૬ તા.૩૦–૮–૧૦ થી અરજદારને સમય અવધિમાં માહિતી પૂરી પાડેલ છે. તેમ છતાં અરજદારને સાડા ચાર માસના વિલંબથી તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૧૪૧૭ તા.૧૫–૩–૧૧ થી બંને પક્ષકારોને અપીલ તબકકે વિગતો મંગાવવામાં આવેલ. જેમાં અરજદારને લગભગ ૪ ૧/૨ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ થી ઉપરાંતની વિલંબિત અપીલના કિસ્સામાં વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે વાજબીપણુ રજૂ ન કરતાં આવો પત્ર અરજદારને પાઠવવો નહીં ડે.કમિ. અને એપેલેટ ઓફિસર અને કમિશ્નરશ્રીએ આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર અપીલ બાદ અપીલ સુનાવણી બંને પક્ષકારોને બોલાવીને ચલાવવાની અને અપીલનો નિકાલનો હુકમ કરવા જણાવેલ છે તેથી સુનાવણી ચલાવ્યા વગરની અપીલના હુકમને માન્યતા આપવાના નથી. તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અપીલ તબકકે વાજબીપણુ રજૂ કરવાની તક આપવા છતાં તે રજૂ કરેલ નથી. અરજદારની આરટીઆઈ એકટની જોગવાઈઓ અનુસંધાને કલમ–૧૯(૧) હેઠળ વિલંબિત અપીલ માટે વાજબીપણુ રજૂ કરવા અરજદારને તક આપવા છતાં તે રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે. કલમ–૧૯(૧) અનુસાર દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવી તેવી વૈધાનિક જોગવાઈ છે અને વિલંબિતના કિસ્સામાં તેમના કાબુ બહારના કારણો હેઠળ અપીલ કરી શકયા નથી તેવું પ્રસ્થાપિત /પુરવાર કરવાનું ઉત્તરદાયિત્વ અરજદારના શીરે છે. જે અરજદાર પૂરવાર કરી શકયા નથી. અપીલમાં સામેલ વિગતો જોતાં અરજદારને બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવાની વિગતો રજૂ થયેલ છે. જે સૂચક છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારની પ્રથમ અપીલ વિલંબના કારણોના વાજબીપણાની અનુપસ્થિતિમાં ગ્રાહય રાખવા પાત્ર રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોઈ તેમજ અરજદારની અપીલ વિલબંના કારણોના વાજબીપણાની અનુપસ્થિતિમાં ગ્રાહય રાખવામાં આવતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,